મંડપ પાસે બીડી સળગાવી હાથમાં માચીસ સાથે શખ્સ દેખાયો હોવાનો આક્ષેપ

ખત્રીપોળના શખ્સે ગણેશ મંડપને આગ ચાંપી

ભક્તોની ધાર્મિક લાગણી દુભાઈ : મંડળ પ્રમુખની ફરિયાદથી પોલીસે આરોપીની ડીટેઇન કર્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.7

કારેલીબાગની ખત્રીપોળ વિસ્તારમાં ગણેશ ઉત્સવ દરમિયાન ગણપતિના મંડપમાં આગ લાગવાની ઘટનાએ ચકચાર જગાવી છે. ખત્રીપોળ સાંસ્કૃતિક સેવા મંડળના પ્રમુખે પાડોશમાં રહેતા વ્યક્તિ સામે મંડપને જાણીજોઈને આગ લગાડવાનો ગંભીર આક્ષેપ કરી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપીને ડિટેઇન કરી લીધો હોવાનું સૂત્રોમાંથી જાણવા મળી રહ્યો છે. ખત્રી પોળ સાંસ્કૃતિક સેવા મંડળના પ્રમુખ પુષ્પક પંચાલના જણાવ્યા મુજબ, તા. 5 સપ્ટેમ્બરે ગણપતિની સ્થાપના કરી મંડપ અને ડેકોરેશન કરવામાં આવ્યું હતું. બીજા દિવસે સાંજના સમયે મંડપમાં આગ લાગ્યાની જાણ થતાં તેઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને બાદમાં પોલીસને જાણ કરી હતી. મિત મોહિત નામના સ્થાનિક વ્યક્તિએ પોતાની આંખે નજરે જોયું હતું કે ગણપતિના મંડપ નજીક ભરત હસમુખભાઈ ચૌહાણ ઉભા હતા. તેમના મોઢામાં સળગતી બીડી અને હાથમાં માચીસ હતી. તેણે બૂમાબૂમ કરતાં લોકો એકત્ર થયા હતા અને ત્યારબાદ પ્રતિક દેશમુખ સાથે મળીને મંડપમાં લાગેલી આગ બુઝાવવામાં આવી હતી. પોલીસે તેમની ફરિયાદના આધારે આગ લગાવનાર ભરત



ચૌહાણને ડિટેઇન કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આગ લગાવવાના કારણે પ્રિન્ટ કરાવેલા પડદા સહિતનો સામાન મળી જતા નુકસાન પહોંચ્યું હોય તો અને એક ગણેશ ભક્તની તાત્કાલિક પ્રમુખ દ્વારા ડેકોરેશન માટેના પડદા લેવા માટે સુરત રવાના કર્યો હોવાનું પણ જાણવા મળ્યું છે. મંડપના એક ખૂણામાં માચીસની સળીઓ મળી આવી હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત આગ અંગે ભરત ચૌહાણ અને તેમની પુત્રી રીન્કુને પૂછપરછ કરતાં ગાળાગાળી કરવામાં આવી હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. ગણેશ મંડપમાં આગ અકસ્માતે લાગી કે ઈરાદાપૂર્વક લગાવવામાં આવી? મંડપમાં આગ કેવી રીતે લાગી, માચીસની સળીઓ ત્યાં કેવી રીતે પહોંચી અને ભરત ચૌહાણની ભૂમિકા શું છે તે અંગે પોલીસ તપાસ બાદ જ હકીકત બહાર આવશે. મંડળ પ્રમુખે બંને સામે તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

શેરપુરા ગામ પાસે બે કાર સામસામે ધડાકાભેર અથડાઈ, બેથી વધુ ઈજાગ્રસ્ત

હાલોલ રોડ પર બે કાર વચ્ચે અકસ્માત, ટ્રાફિકજામથી હાલાકી

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

સાવલી-હાલોલ હાઈવે પર શેરપુરા ગામ પાસે બે કાર વચ્ચે ધડાકાભેર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જ્યારે, રોડ પર લાંબા સમય સુધી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. તાત્કાલિક ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડાયા હતા. જ્યારે પોલીસે સ્થળ પર પહોંચી ટ્રાફિક હળવો કરી આગળની કાર્યવાહી હાથધરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર સામસામેથી પૂરઝડપે આવી રહેલી બે કાર વચ્ચે અચાનક જોરદાર ટક્કર થઈ હતી. જેમાં બંને કારના આગળના ભાગનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને કાર રોડની વચ્ચે જ ફસાઈ ગઈ હતી. અકસ્માતમાં બંને કારમાં સવાર બેથી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાનું પ્રાથમિક માહિતીમાં જાણવા મળ્યું છે. અકસ્માત થતાની સાથે જ આસપાસના સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. 108ની ટીમે ઘટનાસ્થળે પહોંચી તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા છે. બીજી તરફ અકસ્માતની જાણ થતા જ શેરપુરા ગામ સહિત આસપાસના લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. બે કાર રોડ વચ્ચે ફસાઈ જતા સાવલી-હાલોલ રોડ

પર લાંબા સમય સુધી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી અને વાહનોની લાંબી કતારો લાગી હતી. ઘટનાની જાણ થતા જ સાવલી પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસે બંને ક્ષતિગ્રસ્ત કારને રોડ પરથી હટાવી ટ્રાફિક પૂર્વવત કરવાની કામગીરી હાથ ધરી હતી. હાલ પોલીસે અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે.

બ્રાંડ નામચીન પણ વિશ્વાસપાત્ર નહીંની ચર્ચાએ જોર પકડ્યું

સુભાનપુરાના દાસ પેંડાવાળાની બગડેલી મીઠાઈથી ચકચાર

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭

સુભાનપુરા વિસ્તારમાં આવેલી શહેરની અત્યંત જાણીતી 'દાસ પેંડાવાળા' મીઠાઈની દુકાનમાંથી ખરીદાયેલી કાજુ કતરીમાંથી ફૂગ મળી આવતાં સમગ્ર શહેરમાં ભારે ચકચાર મચી જવા પામી છે. અગ્રણી અને નામચિન મીઠાઈ વિક્રેતાને ત્યાંથી જ અસ્વાસ્થ્યપ્રદ અને બગડેલી મીઠાઈ મળી આવવાની આ ઘટનાથી ગ્રાહકોમાં ભારે રોષની લાગણી વ્યાપી ગઈ છે. સમગ્ર ઘટનાની વિગત અનુસાર, એક જાગૃત ગ્રાહકે સુભાનપુરા સ્થિત દાસ પેંડાવાળાની શાખામાંથી કાજુ કતરી ખરીદી હતી. જોકે, બોક્સ ખોલીને જોતાં જ કાજુ કતરી પર સ્પષ્ટપણે ફૂગ જામેલી નજરે પડી હતી. ગ્રાહકે આ ફૂગવાળી મીઠાઈનો સ્થળ પર જ વીડિયો બનાવી લીધો હતો અને સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો હતો. વીડિયો વાયરલ થતાં જ વડોદરાના નાગરિકો

અને ખાદ્યપદાર્થોના શોખીનોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. સોશિયલ મીડિયા પર આ ઘટના વા યરલ કરનાર નાગરિકે લોકોને અપીલ કરી છે કે આટલા મોટા અને નામચિન મીઠાઈ વિક્રેતાઓ પાસેથી પણ મીઠાઈ ખરીદતા પહેલાં તેની ગુણવત્તા, તાજગી અને ખાસ કરીને 'મેન્યુફેક્ચરિંગ તથા એક્સપાયરી ડેટ' અવશ્ય ચકાસી લેવી. બ્રાન્ડના નામે આંખ બંધ કરીને વિશ્વાસ મૂકવો આરોગ્ય માટે જોખમી સાબિત થઈ શકે છે.

બાજવામાં રખડતી ગાયનો ત્રાસ : માતા-દીકરા પર અચાનક હુમલો

■ વડોદરા શહેરના બાજવા વિસ્તારમાં રખડતાં ઢોરનો આતંક ફરી એકવાર સામે આવ્યો છે. એક ગલીમાંથી પસાર થઈ રહેલા માતા અને તેના માસુમ દીકરા પર રખડતી ગાયે અચાનક ધસી આવીને હુમલો કરી દીધો હતો. હુમલામાં ગાયે માતા-પુત્રને પાડી દઈ ઈજા પહોંચાડી હતી. અચાનક થયેલા આ હુમલાથી વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. માતાએ પોતાના જીવના જોખમે બાળકને બચાવવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં બાળકને સામાન્ય ઈજાઓ પહોંચી છે. આ સમગ્ર ઘટના નજીકના CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે. મહાનગરપાલિકા દ્વારા ઢોર પકડવાની કામગીરીના દાવાઓ વચ્ચે બનેલી આ ઘટનાથી સ્થાનિક રહીશોમાં પાલિકા તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે અને રખડતાં ઢોરથી કાયમી મુક્તિ અપાવવાની માગ ઉઠી છે.

ખંડેરાવ માર્કેટ વિસ્તારમાં ધોળા દિવસે ચોરી

એકટીવાની ડેકી તોડીને રૂા.૧.૮૦ લાખની ચોરી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭

ખંડેરાવ માર્કેટ વિસ્તારમાં વેપારીની એક્ટિવાની ડેકીમાંથી રૂ.1.80 લાખની રોકડ ચોરી થતાં વેપારીઓમાં ચકચાર મચી ગઈ છે. વેપારીને વાતોમાં રોકી રાખી બે ગઠિયાઓએ તકનો લાભ લીધો હતો. એક ગઠિયો વેપારીની એક્ટિવા પર બેસી ગયો હતો. જ્યારે વેપારી થોડા સમય માટે દૂર જતાં સાથીદાર સાથે મળી ડેકીનું લોક તોડી રોકડ લઈને બંને ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે નવાપુરા પોલીસે તપાસ શરૂ કરી છે. અલવાનાકા વિસ્તારમાં રહેતા અને ફૂલનો ધંધો કરતા વેપારી વાસુદેવભાઈ રમણભાઈ માળી પોતાની એક્ટિવા ખંડેરાવ માર્કેટ વિસ્તારમાં પાર્ક કરી થોડા સમય માટે અન્ય કામે ગયા હતા. તે દરમિયાન બે શખ્સો અન્ય એક્ટિવા પર ત્યાં પહોંચ્યા હતા. જાણે એક્ટિવાની ડીકીમાં અગાઉથી જ રૂપિયા મૂક્યા હોય તેવી માહિતી ધરાવનાર બંનેમાંથી એક શખ્સ સીધો વેપારીની એક્ટિવા પર બેસી ગયો હતો.

વેપારીએ તેને પોતાની એક્ટિવા પર કેમ બેઠા છો તેમ કહી નીચે ઉતરવા જણાવ્યું હતું. ત્યારે શખ્સે હમણાં ઉતરી જાઉંછું કહી વેપારીને જવાબ આપ્યો હતો. વેપારી થોડા સમય માટે ત્યાંથી દૂર ગયા બાદ બંને ગઠિયાઓએ પોતાની ચાલને અંજામ આપ્યો હતો. એક શખ્સે વેપારીની એક્ટિવાની ડેકીનું લોક તોડી અંદર મુકેલી રૂ.1.80 લાખની રોકડ રકમ ચોરી કરી હતી. ત્યારબાદ બંને શખ્સો પોતાની એક્ટિવા પર બેસી ત્યાંથી ફરાર થઈ ગયા હતા. વેપારી પરત ફર્યા ત્યારે એક્ટિવાની ડેકી ખુલ્લી હાલતમાં જોવા મળતાં તેમને ચોરી થઈ હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. તપાસ કરતાં ડેકીમાં રાખેલી રૂ.1.80 લાખની રોકડ ગાયબ હોવાનું જાણવા મળ્યું હતું.

ખાનકાહે રિફાઈયા ખાતે ૧૮૬માં ઉર્સ શરીફની ઉજવણી કરાશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭

વડોદરા શહેરમાં દાંડીયા બજાર, બદામડી બાગ સામે આવેલ ખાનકા-એ-આલિયા રિફાઈયા ખાતે આગામી તા. ૧૦ થી તા. ૧૩મી સપ્ટેમ્બર દરમિયાન કોમી એકતાના પ્રતિક સમા ફખરૂલ અવલીયા શમ્સુલ અતકીયા હઝરત મૌલાના પીર સૈયદ ફખરૂદ્દીન ગુલામહુસેન અલ-મારૂફ અમીરમીયાં રિફાઈ (રહે.) સાહેબના ૧૮૬માં ઉર્સ-શરીફની ઉજવણી નિમિત્તે ખાનકાહના સજ્જાદા નશીન પીર અલ્હાજ સૈયદ કમાલુદ્દીન મઝહરૂલ્લાહ રિફાઈ સાહેબની નિગેહબાની હેઠળ આ દિવસોમાં વિવિધ કાર્યક્રમોનું શાનદાર આયોજન કરવામાં આવ્યું છે. અને તે અંગેની તમામ તૈયારીઓ હાલમાં પુરજોશમાં ચાલી રહી છે. આ ઉજવણી પ્રસંગે સૈયદ કમાલુદ્દીન મઝહરૂલ્લાહ રિફાઈ તેમજ સૈયદ મોઈનુદ્દીન (ઉર્ફે નેયરબાબા) રિફાઈ અને સૈયદ હિસામુદ્દીન રિફાઈ સાહેબ અકીદતમંદો-શ્રદ્ધાળુઓને ખાસ આશીર્વચન પાઠવશે.

ગ્રામીણ વિસ્તારો માટે LPG સિલિન્ડર બુકિંગની મુદતમાં ઘટાડો કરાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭

મિડલ ઈસ્ટમાં સર્જાયેલા સંઘર્ષ અને હોર્મુઝ સંકટના કારણે અગાઉ પ્રભાવિત થયેલા ગેસ પુરવઠાની સ્થિતિ હવે સામાન્ય થઈ રહી છે. આ સુધારાને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે એલપીજી સિલિન્ડરના નિયમોમાં રાહત આપતા ગ્રામીણ વિસ્તારો માટે રિફિલ બુકિંગની મુદત ૪૫ દિવસથી ઘટાડીને ફરીથી ૨૫ દિવસ કરી દીધી છે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ રાજ્ય મંત્રી સુરેશ ગોપીએ ઓઈલ માર્કેટિંગ કંપનીઓને આ આદેશ તાત્કાલિક લાગુ કરવા નિર્દેશ આપ્યો છે, જેથી હવે શહેરોની જેમ ગામડાઓમાં પણ બે બુકિંગ વચ્ચે ૨૫ દિવસનું અંતર રહેશે. અગાઉ ખાડી યુદ્ધ અને આયાત સંકટને કારણે ગેસ પુરવઠા પર દબાણ વધતાં સરકારે ગ્રામીણ વિસ્તારો માટે રિફિલિંગની મુદત વધારીને ૪૫ દિવસ કરી દીધી હતી. જોકે, હવે સપ્લાયની સ્થિતિ સુધરતા સામાન્ય જનતાને રાહત મળવા લાગી છે.

સુભાનપુરાના શ્રીનાથ કોમ્પલેક્સમાં તસ્કરોનો હાથફેરો

વતન ગયેલા પરિવારના બંધ મકાનમાંથી રૂ.૧.૭૫ લાખની ચોરી

પોલીસ પેટ્રોલિંગ સામે સવાલો ખડા થયાં

(પ્રતિનિધિ) વડોદરા તા.7

શહેરમાં બંધ મકાનો તસ્કરો માટે જાણે સરળ નિશાન બની રહ્યા હોય તેમ ચોરીની ઘટનાઓ સામે આવી રહી છે. સુભાનપુરા હાઈટેન્શન રોડ પર આવેલા શ્રીનાથ કોમ્પલેક્સમાં પરિવાર વતન સુરત ગયો હતો ત્યારે બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી રૂ.1.75 લાખની કિંમતના સોનાના દાગીના ચોરી લીધા હોવાની ઘટના સામે આવી છે. આ ઘટનાએ વિસ્તારમાં પોલીસની કામગીરી અને રાત્રિ પેટ્રોલિંગ સામે પણ સવાલો ઉભા કર્યા છે. શ્રીનાથ કોમ્પલેક્સમાં રહેતા 68 વર્ષીય નિવૃત્ત અજીત કુમાર નાયક 6 ઓગસ્ટે પત્ની સાથે માતાના નિધન બાદની વિધિ તેમજ સામાજિક પ્રસંગ માટે સુરત ગયા હતા. દરમિયાન 26 ઓગસ્ટે પાડોશીએ તેમના મકાનમાં ચોરી થઈ હોવાની જાણ કરી હતી. માહિતી મળતા તેમના સાળા મકાન પર પહોંચ્યા ત્યારે લોખંડની જાળીના નકૂચા તૂટેલા તથા ઘરમાં સામાન વેરવિખેર જોવા મળ્યો હતો. પરિવાર વડોદરા પરત ફર્યા બાદ મકાનની તપાસ કરતાં તિજોરીમાંથી સેટ, વીંટી, બંગડી અને બુટ્ટી સહિત 99 ગ્રામ વજનના સોનાના દાગીના ગાયબ હોવાનું જણાયું હતું. ચોરાયેલા દાગીનાની કુલ કિંમત આશરે રૂ.1.75 લાખ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. એક તરફ પોલીસ દ્વારા રાત્રિ પેટ્રોલિંગ અને ગુનાખોરી અટકાવવાના દાવા કરવામાં આવે છે, ત્યારે લાંબા સમયથી બંધ રહેલા મકાનમાં તસ્કરો ઘૂસીને લાખોની મતા ચોરી જાય અને પરિવારને પાડોશી મારફતે જાણ થાય તે બાબત પોલીસની સક્રિયતા સામે સવાલો ઊભા કરે છે. જોકે, ગોરવા પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ તથા અન્ય આધારોના આધારે તપાસ શરૂ કરી છે.

દુમાડ ગામની સીમમાં મગર દેખાતા ગ્રામજનોમાં ભયનો માહોલ

ગણપતપુરાથી ૧૦ અને મણીપુરા ગામે ખેતરમાંથી ૫ ફૂટના મગરનું રેસ્ક્યુ

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

વડોદરા નજીક આવેલા ગણપતપુરા ગામની સીમમાં દુમાડ ગામની બાજુમાં આશરે 10 ફૂટ લાંબો વિશાળ મગર દેખાતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો. ખેતરમાં મગર હોવાની વાત વાયુવેગે પ્રસરતા લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. સ્થાનિક રહીશ વિષ્ણુભાઈ વાળંદે તાત્કાલિક ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના કંટ્રોલ રૂમમાં જાણ કરી હતી. માહિતી મળતા જ વન વિભાગની રેસ્ક્યુ ટીમ તાત્કાલિક સાધન-સામગ્રી સાથે ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફોરેસ્ટ વિભાગના જીગ્નેશ પરમાર અને દોરેલાલ ફોજદારે જીએસપીસીએના વોલેન્ટિયર્સ કરણ પરમાર અને મેહુલ પટેલ સાથે મળીને રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. મગરનું કદ મોટું હોવાથી તેને કાબુમાં લેવા ટીમને ભારે જહેમત ઉઠાવવી

મણીપુરા ગામે મગર દેખાતા ફફડાટ

સાવલી તાલુકાના મણીપુરા ગામે ખેતરમાં આશરે 5 ફૂટ લાંબો મગર દેખાતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો. ગ્રામજનોએ તાત્કાલિક સાવલી વનવિભાગને જાણ કરી હતી, સાથે જ નેચર સેવિંગ ફાઉન્ડેશનના પ્રદીપ રાવલને પણ જાણ કરવામાં આવી હતી. માહિતી મળતા જ સાવલી વનવિભાગની ટીમે નેચર સેવિંગ ફાઉન્ડેશન સાથે સંયુક્ત કામગીરી હાથ ધરી હતી. ભારે જહેમત બાદ 5 ફૂટ લાંબા મગરનું સહીસલામત રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મગરને તેને અનુકૂળ કુદરતી વાતાવરણમાં સુરક્ષિત રીતે રિલીઝ કરવામાં આવ્યો હતો.

પડી હતી. આખરે સાવચેતી સાથે 10 ફૂટ લાંબા મગરને સહીસલામત રીતે પકડી પાડવામાં સફળતા મળી હતી. રેસ્ક્યુ કરાયેલા મગરને વન વિભાગની કચેરી ખાતે લાવવામાં આવ્યો હતો. વિશાળકાય મગરને જોવા માટે કચેરી ખાતે આસપાસના લોકોની ભારે ભીડ જામી હતી.

ઘટના સીસીટીવી કેમેરામાં કેદ

ત્રણ સવારી બાઈકની ટક્કરે રાહદારી ગંભીર રીતે ઈજાગ્રસ્ત

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

વડોદરા શહેરમાં અકસ્માતોની વણઝાર અટકવાનું નામ નથી લઈ રહી. ત્યારે, વાઘોડિયા રોડ મહેશ કોમ્પલેક્સ કોમ્પલેક્સથી કલા દર્શન ચાર રસ્તા વચ્ચે વધુ એક અકસ્માતની ઘટના બની હતી. જેમાં ત્રણ સવારી બાઈકની ટક્કરે રાહદારી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. એક બાઈક પર ત્રણ યુવકો સવાર થઈને પૂરપાટ ઝડપે જઈ રહ્યા હતા. દરમિયાન રસ્તા પર પગપાળા જઈ રહેલા બે રાહદારીઓ પૈકી એકને બાઈકચાલકે જોરદાર ટક્કર મારી હતી. ટક્કર લાગતા રાહદારી રોડ પર ફંગોળાઈ ગયા હતા અને તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકોએ તાત્કાલિક ઈજાગ્રસ્તને સારવાર અર્થે નજીકની હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે. આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. જેના ફૂટેજ આજે સામે આવ્યા હતા. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વાઘોડિયા રોડ પર અવારનવાર ત્રણ સવારી અને બેફામ ઝડપે બાઈક ચલાવવાના કારણે અકસ્માતો સર્જાય છે. ત્યારે આવા બેફામ વાહન ચાલકો સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરવી જોઈએ તેવી માંગ ઉઠી છે.

વડોદરામાં કાયદો અને વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થયાં

વારસિયામાં હપ્તા ન આપતાં ફૂટ વિક્રેતા પર ઘાતકી હુમલો અને ૧૭,૦૦૦ ની લૂંટ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭

શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે. શહેરના વારસિયા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા વારસિયા રિંગ રોડ, ડભોઈ ચાર રસ્તા અને સંગમ ચાર રસ્તા વિસ્તારમાં અસામાજિક તત્વોનો ત્રાસ બેફામ બન્યો છે. અહીં ફૂટની લારી ચલાવીને પોતાનું અને પરિવારનું ગુજરાન ચલાવતા એક નિર્દોષ યુવક પર હપ્તા વસૂલી મુદ્દે કેટલાક શખ્સોએ ઘાતકી હુમલો કરી ૧૭,૦૦૦ ની રોકડ રકમ લૂંટી લીધાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, પીડિત યુવક 'સાનુ' વારસિયા રિંગ રોડ પર ડભોઈ અને સંગમ ચાર રસ્તા પાસે ફૂટની લારી લગાવીને વેપાર કરે છે. ગતરોજ વિસ્તારના બે માથાભારે તત્વો તેની લારી પર આવ્યા હતા અને દાદાગીરી કરીને

હપ્તા પેટે નાણાંની માંગણી કરી હતી. સાનુએ પોતાની મહેનતની કમાણીમાંથી હપ્તો આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરતા જ આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા. આરોપીઓએ તેને ગાળો બોલી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ તેને બળજબરીપૂર્વક એક રિક્ષામાં બેસાડીને કડા તથા મુક્કાઓથી બેફામ માર મારવામાં આવ્યો હતો. હુમલાખોરો યુવક પાસેથી વેપાર માટે રાખેલા ૧૭,૦૦૦ ની રોકડ રકમ લૂંટીને ફરાર થઈ ગયા હતા. એટલું જ નહીં, આસપાસ લારી ચલાવતા અન્ય એક યુવક પાસેથી પણ આશરે ૩,૦૦૦ પડાવી લીધા હોવાનો આક્ષેપ પીડિત દ્વારા કરવામાં આવ્યો છે. ઘટના બાદ ભોગ બનનાર યુવકે તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમના '૧૦૦' નંબર પર ફોન કરીને જાણ કરતા પોલીસ વાન ઘટના સ્થળે પહોંચી હતી. જોકે, પીડિત યુવકે પોલીસની કામગીરી સામે અત્યંત ગંભીર આક્ષેપો કર્યા છે. યુવકના જણાવ્યા મુજબ, સ્થળ પર આવેલી પોલીસે મુખ્ય આરોપીઓને કાયદેસર રીતે પકડવાને બદલે અન્ય કોઈ વ્યક્તિની જવાબદારી પર તેમને છોડી મૂક્યા હતા. આ ઘાતકી હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા યુવક સાનુને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વડોદરાની સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડતા હાલત સ્થિર હોવાનું જાણવા મળે છે.

વડોદરા વોર્ડ નં. ૧ ના ટી.પી.-૧૩, એફ.પી.-૫૮ નો વિવાદ

રહેણાંક વિસ્તારમાં વર્કશોપ મંજૂર થતાં નાગરિકોમાં રોષ

ટ્રાફિક, પ્રદૂષણ અને સુરક્ષા જોખમાવવાની દહેશત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭

વડોદરા શહેરના વોર્ડ નંબર ૧ અંતર્ગત આવતા ટી.પી.-૧૩, એફ.પી.-૫૮ વિસ્તારમાં મ્યુનિસિપલ તંત્ર દ્વારા વર્કશોપ માટે ટેન્ડર બહાર પાડવામાં આવતા સ્થાનિક નાગરિકોમાં ભારે રોષ અને આક્રોશ વ્યાપી ગયો છે. એક તરફ શાંતિપૂર્ણ રહેણાંક વિસ્તાર છે, તો બીજી તરફ તંત્ર દ્વારા અહીં કોમર્શિયલ વર્કશોપ શરૂ કરવાની હિલચાલ કરાતા લોકોમાં પાલિકાની નીતિ સામે સવાલો ઉઠી રહ્યા છે.

આ સમગ્ર ઘટના અંગે સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા મુજબ, જો આ રિસિડેન્શિયલ ઝોન કે તેની આસપાસ વર્કશોપ શરૂ કરવામાં આવે તો વિસ્તારની શાંતિ અને સલામતી જોખમાઈ શકે છે. વર્કશોપ શરૂ થવાથી ભારે વાહનોની અવરજવર વધશે, જેના કારણે સાંકડા રસ્તાઓ પર ટ્રાફિક જામની ગંભીર સમસ્યા સર્જાશે. હેવી મશીનરીના અવાજથી ધ્વનિ પ્રદૂષણ વધશે તેમજ કેમિકલ કે ઓઈલના લીધે વાયુ અને પર્યાવરણને નુકસાન થશે. આસપાસ મોટી સંખ્યામાં પરિવારો અને બાળકો રહે છે, ત્યારે અસુરક્ષિત વાતાવરણ ઊભું થવાની પૂરી શક્યતા છે. નાગરિકોએ પાલિકા તંત્ર સમક્ષ ઉગ્ર રજૂઆત કરી છે કે, રહેણાંક વિસ્તારની ગરિમા અને સુખાકારી જળવાઈ રહે તે માટે આ ટેન્ડર પ્રક્રિયા પર તાત્કાલિક પુનર્વિચાર કરવામાં આવે.

જો તંત્ર દ્વારા આ મામલે કોઈ સકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં સ્થાનિકો દ્વારા આવેદનપત્ર પાઠવવાથી લઈને ઉગ્ર વિરોધ પ્રદર્શન અને ધરણાં જેવા કાર્યક્રમો યોજવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

ડામર પેચવર્કના કામ મુદ્દે આંતરિક રાજકારણ ગરમાયું

વોર્ડ નં.૧૪માં ભાજપના કાઉન્સિલરો વચ્ચે 'શ્રેય' લેવાની હોડથી ચકચાર

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭

વડોદરા મહાનગરપાલિકાના ભાજપના ગઢ ગણાતા વોર્ડ નંબર 14માં સ્થાનિક કાઉન્સિલરો વચ્ચેની આંતરિક ખેંચતાણ ફરી એકવાર જાહેર ચર્ચાનો વિષય બની છે. આગામી ગણેશોત્સવના પવિત્ર તહેવારને ધ્યાનમાં રાખીને નાગરિકોની સુવિધા માટે હાથ ધરાયેલા રસ્તાના સમારકામ અને ડામર પેચવર્કના કામનો શ્રેય લેવા માટે પક્ષના જ બે પ્રતિનિધિઓ સામસામે આવી ગયા હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. આ વિવાદને પગલે રાજકીય વર્તુળોમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. મળેલી માહિતી અનુસાર, વોર્ડ નંબર 14માં આવેલા ચાંપાનેર દરવાજાથી લઈને ગોપાલ ડેરી થઈને મધ્યસ્થ છીપવાડ સુધીના મહત્વના માર્ગ પર તાજેતરમાં જ ડામર પેચવર્કની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ગણેશોત્સવ પૂર્વે આ રસ્તાઓનું સમારકામ થતાં સ્થાનિક રહીશો અને ગણેશ મંડળોમાં રાહતની લાગણી ફેલાઈ હતી. સ્થાનિક વર્તુળોના દાવો મુજબ, આ વિકાસકાર્ય માટે ભંડોળ કાઉન્સિલર દીપિકા પટણીના કોટામાંથી ફાળવવામાં આવ્યું હતું. જોકે, આ કામગીરી પૂર્ણ થયા બાદ અચાનક વિવાદનો મધપૂડો છંછેડાયો હતો. કાઉન્સિલર અંકિતા સોનીના સત્તાવાર સોશિયલ મીડિયા પેજ પર આ પેચવર્કની કામગીરીના ફોટોગ્રાફ્સ પોસ્ટ કરવામાં આવ્યા હોવાની બાબત બહાર આવી હતી.

અન્ય કાઉન્સિલરના ગ્રાન્ટ અને પ્રયાસોથી થયેલા કામના ફોટોગ્રાફ્સ પોતાના નામે રજૂ કરાતા જ વોર્ડના રાજકારણમાં અને સોશિયલ મીડિયા પર અનેક સવાલો ઊભા થયા છે. ઉલ્લેખનીય છે કે વોર્ડ નંબર 14માં નવી ટર્મની શરૂઆતથી જ બે ભાજપ અને બે કોંગ્રેસના કાઉન્સિલરો ચૂંટાઈ આવ્યા છે.